ગાંધીનગર સમાચાર

**ભાદરવી મેળા માટે ગાંધીનગરથી સ્પેશિયલ બસ ઉપડે તેવી માંગ**

# શહેરમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ ઉજવાયો









આજના હરિફાઈના યુગમાં માનવી સતત તણાવમાં જીવતો હોય છે. સતત વધતા જતા તણાવયુક્ત જીવનને કારણે સમાજમાં આત્મહત્યાનું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જાય છે. એક તરફ અસહ્ય મોંઘવારીનો માર અને બીજી તરફ ખર્ચાળ જીવનશૈલી અનેક પરિવારોને જીવનના અંત ભણી ઘસડી રહી છે. સમગ્ર વિશ્વમાં આત્મહત્યા એ ગંભીર સમસ્યારૂપે ઉભરી રહી હોઈ તા. ૧૦મી સપ્ટેમ્બરને 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિન' તરીકે ઉજવવાની ફરજ પડી છે. ગાંધીનગરમાં આ દિન નિમિત્તે સુરક્ષા સેતુ ઉપક્રમે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં જીવન આસ્થા હેલ્પલાઈનના કો. ઓર્ડિનેટર પી.સી. વાલેરા, ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના પ્રમુખ ડો. અનિલ ચૌહાણ, સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો. કલ્પેશ શાહ, નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ ડો. રવિના ક્રિશ્ચિયન તથા પ્રાધ્યાપકો સહિત નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા. બેન્ડની સુરાવલીઓ સાથે સવારે ૯ કલાકે ઘ-૩ થી પ્રસ્થાન થયેલી રેલીમાં વિદ્યાર્થીઓ તેમજ સ્ટુડન્ટ પોલીસ કેડેટ અને સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનોએ એકલતા, હતાશા, શોષણ, નિરાશા, તણાવ, નિષ્ફળતા વગેરે કારણોથી આત્મહત્યા કરવા પ્રેરાતા નાગરિકોમાં આત્મહત્યા ના કરવા પ્રેરિત કરતા પ્લેકાર્ડ દર્શાવાયા હતા.

## @ગાંધીનગર

**ગણેશોત્સવ - સાતમો દિવસ**

● શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સે-૨૨ રંગમંચ ખાતે બપોરના ૩ કલાકે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સેકટર-૬-ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ડાન્સ કોમ્પીટીશનનો કાર્યક્રમ યોજાશે.

● યુવક મિત્ર મંડળ દ્વારા સેકટર-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે સવારે ૧૦ કલાકે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨-સી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા રાત્રિના ૯.૦૦ કલાકે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી ગણેશ મહોત્સવ ખાતે બપોરના ૧૨.૩૦ કલાકે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સાંજના ૫.૩૦ કલાકે સર્જકની કેફિયત અંતર્ગત સ્વમુખે પઠનનો કાર્યક્રમ સે-૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે.

● સે-૫-એ નવરાત્રિ સમિતિ દ્વારા રાત્રે ૮ કલાકે આગામી નવરાત્રીના આયોજન માટેની બેઠક મંદિર પરિસર ખાતે યોજાશે.

● સંત શ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગર દ્વારા રવિવારના રોજ બપોરના ૧.૦૦ કલાકે સંતશ્રી રોહિદાસજી સ્મૃતિ મંદિર અને સેવા સંકુલ બગીચાની પાછળ સે-૬ ખાતે સામાન્ય સભા યોજાશે.

● નિલકંઠ વિલા યુવક મંડળ દ્વારા ગણપતિ મહોત્સવ ૨૦૧૬ અંતર્ગત સવારના ૯ થી ૫ કલાક દરમિયાન પેથાપુર નિલકંઠ વિલા ફ્લેટસ ખાતે અન્નકુટનો કાર્યક્રમ યોજાશે.

● સંસ્કાર ગૃપ દ્વારા સાંજે ૬.૩૦ કલાકે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામીજીને શ્રધ્ધા-સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાશે. તેમજ રમત ગમ્મત જ્ઞાન સાથે આપણા તહેવારોનું મહત્વ ગણેશ ચતુર્થી સહિતના કાર્યક્રમો યોજાશે.

● શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘ દ્વારા સવારે ૮.૩૦ કલાકે સે-૨૨, જૈન દેરાસર ખાતેથી જાજરમાન શોભાયાત્રા પ્રસ્થાન કરવામાં આવશે.



જય અંબે... જય અંબે... શહેરના માર્ગો પર માત્ર આ એક જ નારો સર્વત્ર ગુંજતો સંભળાય છે. વિશ્વ જગત જનની મા જગદંબાના ચરણોમાં શીશ ઝુકાવવા પદયાત્રીઓ રાત-દિવસ, તડકો-છાંયો જોયા વગર બસ ચાલ્યા કરે છે અને જે ભાવિકો રૂબરૂ અંબાજી જઈ નથી શકતા તેઓ આ પદયાત્રીઓની સેવા થકી પોતાના વંદન માના ચરણે મોકલાવે છે. વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટના રહીશોએ સતત ચોથા વર્ષે અંબાજી પદયાત્રીઓ માટે સેવા કેન્દ્રનું આયોજન કર્યું છે. જેમાં ગરમાગરમ ચા નાસ્તા તેમજ બિસ્કીટ સાથે પાણીની વ્યવસ્થા પુરી પાડવામાં આવી રહી છે. આ સેવા કેન્દ્ર પર સોસાયટીના બાળકો, યુવાનો, મહિલા સહિત તમામ રહીશો સેવા આપી ધન્યતા અનુભવી રહ્યા છે.

## બોરીજમાંથી જુગાર રમતાં ચાર શકુનીઓ પકડાયા : રોકડ રૂ. ૨૫ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર પાસે સ્થિત બોરીજ ગામમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલીસે દરોડો પાડીને ચાર શકુનીઓને જુગાર રમતા રંગે હાથ પડી પાડયા હતા. રૂ. ૨૫ હજારના રોકડ મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી લઈને સે-૨૧ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સે-૨૧ પોલીસની ટીમે બાતમીને આધારે બોરીજ ગામના ચમનપુરા વાસમાં દરોડો પાડી ચાર જુગારીઓને પકડી પાડયા હતા. સે-૨૧ શાકમાર્કેટ ખાતે રહેતા પ્રતાપ ઈશ્વર દંતાણી, બના ઈશ્વર દંતાણી, દિનેશ સુરેશ દંતાણી અને અમદાવાદના સંજય પ્રહલાદ દંતાણીને જુગાર રમતા પોલીસે પકડી પાડયા હતા. દાવ પરથી રોકડ રૂ. ૭૨૦૦ તથા અંગ જડતીમાંથી રૂ. ૧૮૫૭૦ મળી કુલ રોકડ રૂ. ૨૫૭૭૦નો મુદ્દામાલ જપ્ત કરીને સે-૨૧ પોલીસે ચારેયની ધરપકડ કરી લઈ કાર્યવાહી શરુ કરી છે. ચારેય આરોપીઓ શાકભાજીના વેપારીઓ હોવાનું જાણવા મળ્યું છે.

## છેતરપીંડીના ગુનામાં વોન્ટેડ જમીન દલાલની ધરપકડ

ગાંધીનગર એલસીબી હસ્તકની એબસ્કોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ કૃણાલ પટેલ તથા ટીમ નાસ્તા ફરતા આરોપીઓ પકડવા પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન જમીનની છેતરપીંડી પ્રકરણમાં વોન્ટેડ એક જમીન દલાલ રણાસણ સર્કલ પાસેથી પસાર થતો હોવાની બાતમી મળી હતી. બાતમી આધારે ઓઢવ વિસ્તારમાં રહેતો આરોપી નાહર ઉર્ફે નાગજી દુર્જનભાઈ રાજપુત સ્કવોર્ડના સકંજામાં આવી ગયો હતો. જમીનની દલાલી કરતા આ શખ્સે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરતા ડભોડા પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી અને ૧૧૪ હેઠળ ગુનો નોંધાયેલો છે.



## આર.સી. પટેલ સ્કુલમાં કેન્સર જાગૃતિની ફિલ્મ દ્વારા માહિતી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલમાં હ્યુમન વેલનેસ ફાઉન્ડેશન કડી દ્વારા આયુષ પ્રોગ્રામ અંતર્ગત શ્રી રવિન્દ્રભાઈ ચૌધરી અને શ્રી વિજયભાઈ ભટ્ટે ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને ફિલ્મ દ્વારા કેન્સર જાગૃતિ વિષે માહિતી પુરી પાડી હતી. જેમાં પુરુષને વ્યસનોને કારણે ગળું તેમજ ફેફસાનું કેન્સર થવાની શકયતાઓ વધી જાય છે જયારે સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભાશયનું કેન્સર વિશેષ થાય છે.

## જીવનમાં હંમેશા સારી આદતો પાડો

**ગૂંજ ફાઉન્ડેશન દ્વારા શહેરની વધુ ત્રણ સરકારી પ્રાથમિક શાળામાં વ્યસન મુકિત અભિયાન હાથ ધરાયું**





ગાંધીનગર, તા.૧૦

આદત પાડવી હોય તો વાંચવાની પાડો, રમતમાં ભાગ લેવાની પાડો, માતા પિતા ગુરુને પગે લાગવાની આદત પાડો પરંતુ ખરાબ વ્યસનની આદત ના પાડશો તેમાં માત્ર અધઃપતન સિવાય કંઈ જ નથી. આ શીખ જાણીતા સામાજિક અગ્રણી તથા એડવોકેટ પ્રદીપસિંહ વાઘેલાએ ગૂંજ ફાઉન્ડેશનના વ્યસન મુકિત અભિયાનમાં બાળકોને આપી હતી. છેલ્લા દોઢેક માસમાં ગૂંજ ફાઉન્ડેશને ૧૮ સરકારી પ્રાથમિક શાળાઓમાં વ્યસન મુકિત કાર્યક્રમ યોજયા છે. આજે સવારે સેકટર-૨૪માં પ્રાથમિક શાળા નં. ૧ અને નં. ૨ ઉપરાંત સે-૨૨ની પ્રાથમિક શાળામાં પણ આ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે જાણીતા એડવોકેટ તથા કોલમિસ્ટ અશ્વિન ત્રિવેદીએ બાળકોને વ્યસન કરતા તથા જાહેરમાં કરતી વ્યકિતઓ સામે ડર્યા વગર કાયદાનું શસ્ત્ર ઉગામવા પ્રેરિત કર્યા હતા. આ સાથે તેમણે વ્યસનથી દૂર રહેશો તો જીવનમાં જે ઈચ્છો છો તે મેળવી શકશો તેમ કહ્યું હતું. ગૂંજ ફાઉન્ડેશનના વ્યસનમુકિત જાગૃતિ અભિયાનમાં વિજયસિંહ માજીરાણાએ બાળકોને જીવનભર વ્યસનથી દૂર રહેવાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે કોલમિસ્ટ-પત્રકાર સમીર રામી સહિત ગૂંજ ફાઉન્ડેશનના અન્ય સેવાભાવી યુવાનોએ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી. આમ ગૂંજ ફાઉન્ડેશન દ્વારા એક જ દિવસમાં એક સાથે શહેરની ત્રણ સરકારી પ્રાથમિક શાળામાં વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

## સે-૫માં ગામઠી સ્ટાઈલના ગણેશ મંદિરમાં મહાઆરતી





ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં ચોતરફ વિઘ્નહર્તા ગજાનંદ ગણપતિનો જાદુ એવો છવાયો છે કે સમગ્ર શહેર તેમની ભકિતમાં રસ તરબોળ થઈ જવા પામ્યું છે. શહેરમાં અબાલવૃધ્ધ સૌ કોઈના મોંઢે માત્ર એક જ નારો છે 'ગણપતિ બાપ્પા મોરિયા.' સે-૫માં પણ ગણેશ મિત્ર મંડળ દ્વારા વિઘ્નહર્તા ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું. અહીં ગુરુવારે રાત્રે આસપાસના રહેવાસીઓ તથા આયોજક યુવા મિત્રો દ્વારા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર પંડાલમાં સૌ ભાવિક ભકતોએ હાથમાં દિવડા લઈ આરતીનું મનોરમ્ય અલૌકિક દશ્ય ખડું કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ ગણેશ ઉત્સવ માટે યુવાનોઓ ગામઠી સ્ટાઈલમાં ઝુંપડી આકારનું મંદિર બનાવ્યું હતું. જેમાં ઘાસના છાપરા સાથે પરંપરાગત લોકચિત્ર કલાની ડિઝાઈનથ શણગારવામાં આવ્યું હતું.આ મંદિરે અનેક ભકતોનું ધ્યાન આકર્ષિત કર્યું હતુ અને તેમણે આ પંડાલ નિહાળી યુવાનોને અભિનંદન પાઠવ્યા હતાં.

## ભાદરવી મેળા માટે ગાંધીનગરથી સ્પેશ્યલ બસ ઉપડે તેવી માંગ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરથી અંબાજી સીધી સ્પેશ્યલ બસ ભાદરવી પુર્ણિમા નિમિત્તે ચાર દિવસ માટે દોડાવવાની માઈ ભકતોની માગણી છે. ગાંધીનગરથી સ્પેશ્યલ બસ ઉપડતી નથી. બહારથી આવતી અંબાજી રૂટની બસોમાં ગાંધીનગરના ભકતોને જવું પડે છે જે બસો ભરચક આવતી હોવાથી માઈ ભકતોને અટવાઈ જવું પડે છે. ચૌદશ પુનમના દિવસોમાં સવારે સ્પેશ્યલ બસ મુકવાની જરૂર છે.

ગાંધીનગર ડેપોની બસો અમદાવાદને ફાળવી દેવાય છે. જેથી ગાંધીનગરની જનતા મુશ્કેલીમાં અટવાય છે. વિશેષમાં અંબાજી જવા માટે ગાંધીનગર ડેપો ઉપરથી કોઈ પુછપરછ માટે જવાબદાર કર્મચારી હોતા નથી.

ગત વર્ષે એસ.ટી.ના ડીરેકટરશ્રી ભગવાનદાસ પંચાલની સુચનાથી સ્પેશ્યલ બસ મુસાફરોએ મુકાવી હતી જેથી આ વર્ષે માઈ ભકતોને અગવડ પડે તે વાતનું પુનરાવર્તન ના થાય તે જોવા માટે ખાસ સગવડની જરૂર છે. ભાદરવી પૂર્ણિમાના દિવસોમાં ગાંધીનગર ડેપોમાં ડેપો મેનજેર કે એસ.ટી.ના ટ્રાફિક કંટ્રોલર શોધ્યા જડતા નથી તેવો મુસાફરોને અનુભવ થયેલ છે જેથી તેનું પુનરાવર્તન ના થાય તેવી માઈ ભકતો આશા રાખે છે.

## વાતવાતમાં

● શહેરમાંથી પસાર થઈ રહેલા અંબાજીના પદયાત્રીઓ માટેના સેવા કેન્દ્રો પરથી પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કચરો એકત્ર કરવાની સેવા પુરી પડાઈ રહી છે. આ કારણે દરેક સેવા કેન્દ્રોના સંચાલકો ડસ્ટબીનની વ્યવસ્થા કરવા સાથે પદયાત્રીઓને તેનો ઉપયોગ કરવા અનુરોધ કરતા રહે છે.

● મુંબઈના કેટલાક રહીશો દ્વારા દર વર્ષે અમદાવાદથી અંબાજી પદયાત્રા યોજવામાં આવે છે. આ પદયાત્રામાં ૬૦ જેટલા સભ્યો જેમાં ૧૮ વર્ષના પ્રૌત્રથી માંડીને ૮૫ વર્ષના દાદા દાદી સાથે ગાંધીનગરની પસાર થયા હતા.

● તાજેતરમાં સે-૧૯માં એક મહિલા ડીવાયએસપીના ઘરમાં કોબ્રા ઘુસ્યો હતો. આ કોબ્રાને સ્નેક લવર્સ સ્વયંસેવકોએ મહામહેનતે ઝડપી જંગલમાં છોડી મૂકયો હતો.

### સે-૮ અંબિકા ચોક નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૦

શહેરના સે-૮-બી અંબિકા ચોક નવરાત્રી મહોત્સવની સામાન્ય સભાની બેઠક આજ રોજ યોજાઈ હતી. આ બેઠકમાં નવરાત્રી મહોત્સવ ૨૦૧૫ના હિસાબ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યારબાદ નવરાત્રી ૨૦૧૬ના આયોજન અંગે સલાહ અને ચર્ચા વિચારણા કરાઈ હતી. ત્યારબાદ નવરાત્રી મહોત્સવ ૨૦૧૬ના પ્રમુખપદે નિલેશભાઈ પટેલ, મહામંત્રી તરીકે અનિલ બારોટ, ઉપપ્રમુખ તરીકે આશિષ બ્રહ્મભટ્ટ, ખજાનચી તરીકે અલ્પેશ નાયક, સંગઠન મંત્રી તરીકે રૂપેશ દેસાઈ, સહમંત્રી તરીકે જીતુભાઈ વાઘેલાની સર્વાનુમતે વરણી કરાઈ છે. જયારે કારોબારી સભ્ય તરીકે લક્ષ્મણ મિત્તલ, મગનભાઈ કાકડીયા, ડૉ. અમીત રાઠોડ, પ્રેમસિંહ રાજપુત જયારે સલાહકાર તરીકે પ્રમોદભાઈ પરમારની વરણી કરવામાં આવી છે.

### સે-૫-સી નવરાત્રી સમિતિના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૦

સે-૫-સી નવરાત્રી સમિતિ દ્વારા તાજેતરમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. સમિતિના પ્રમુખ તરીકે કમલેશ સિંહ ગોલ, મંત્રી તરીકે ભરતસિંહ ગૌલ, સલાહકાર તરીકે ડૉ. રાજેન્દ્ર પટેલ, રાકેશભાઈ પટેલ અને એમ.આર. પટેલની વરણી કરાઈ હતી તથા ઉપપ્રમુખ પદે માનસિંહ રાવ, નરેશ પરમાર, ગૌરવ જોષી અને વાસુદેવ મિસ્ત્રી, ઓડિટર પદે એલ.એન. પરમાર, ખજાનચી પદે સમરથદાન ગઢવી, કારોબારી માટે વિરમભાઈ દેસાઈ, યોગેશભાઈ શુકલ, મનન ત્રિવેદી, રાજેશભાઈ ચૌહાણ, ભકિતભાઈ, દશરથભાઈ પટેલ, કીર્તિસિંહ વાઘેલા, સંજય પટેલ, દિનેશભાઈ પટેલ અને છગનભાઈ રબારી સહિતના સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી.

# અડાલજ સેવા કેન્દ્રનું પદયાત્રી સેવામાં ૨૦મું વર્ષ



ગાંધીનગર, તા.૧૦

ગણેશોત્સવ સાથે સાથે ચો તરફ અંબાજી પદયાત્રીઓ માટેના સેવા કેન્દ્રોના કારણે નવરાત્રી ઉત્સવ જેવો માહોલ છવાયો છે. અંબાજી તરફના માર્ગો પરથી પસાર થઈ રહેલા પદયાત્રી સંઘના રથ સાથે વગાડવામાં આવતા માતાજીના ગરબા અને સ્તુતિ ભજનોના કારણે સમગ્ર વાતાવરણ ભકિતમય બની ઉઠે છે. આ પદયાત્રીઓને વિવિધ સેવા કેન્દ્રો દ્વારા સવારે નાહવા-ધોવાથી માંડીને ચા-કોફી-નાસ્તો-શરબત-ભોજન-ફળાહાર ઉપરાંત આરામ માટે પથારી સુધ્ધાંની સેવા આ સેવા કેન્દ્રો દ્વારા પુરી પાડવામાં આવે છે. અડાલજના ચાંદખેડા તરફના માર્ગ પર પાટનાકુવા ખાતે સિધ્ધચક્ર પેટ્રોલ પંપ સામે છેલ્લા ૧૯ વર્ષથી કાર્યરત સેવા કેન્દ્રમાં પદયાત્રીને હાલના ગરમીના માહોલને અનુલક્ષીને આઈસ્કીમ પીરસવામાં આવ્યો હતો.

અડાલજના મિત્ર મંડળ દ્વારા આયોજિત આ સેવા કેન્દ્ર વર્ષોથી પદયાત્રીઓ માટે માનીતું રહ્યું છે. અગાઉ અહીં પદયાત્રીને ગરમાગરમ નાસ્તો જેવા કે મેથીના ગોટા, પાપડી, સમોસા વગેરે પીરસવામાં આવતા હતા. હવે છેલ્લા પાંચ વર્ષથી આ સેવા કેન્દ્ર ખાતે તમામ પદયાત્રીઓને માત્ર કેસર પીસ્તા આઈસ્કીમ જ પિરસવામાં આવે છે. આ કેમ્પના મુખ્ય આયોજક ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા લાલભાઈ પટેલ અને તેમનું મિત્ર મંડળ છે. દર વર્ષે અહી ભાદરવા સુદ પાંચમથી અગિયારસ સુધી છ દિવસ માટે સેવા કેન્દ્ર યોજવામાં આવે છે કેમ કે આ દિવસોમાં સૌથી વધુ પદયાત્રીઓનો ધસારો રહેતો હોય છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગમાં આવેલ ગણેશ મંદિર ખાતે આજે ડૉ. દિનકર ગોસ્વામી દ્વારા વિશેષ આરતી યોજાઈ હતી. આ પ્રસંગે હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ શાહ, ડૉ. અનિલ ચૌહાણ, ડૉ. સુધા, ડૉ. દિપેશ સહિત સ્ટાફના માણસો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ડૉ. દિનકર ગોસ્વામી દ્વારા તમામ સ્ટાફ અને દર્દીઓને પ્રસાદીનું વિતરણ કરાયું હતું.